(૫૫)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૨૪)**

૧. પિત્તિયં **સંભિમં સન્નિવાઈયં વિવિહારોગાયંકા પરિસ્સહોવસગ્ગા** ફાસાફુસંતુ

૨. પગામ સિજ્જાએ **નિગામ સિજ્જાએ સંથારા ઉવટ્ટણાએ પરિયટ્ટણાએ આઉંટ્ટણ પસારણાએ છપ્પઈ સંઘટ્ટણાએ**

૩. ઉભઓકાલં **ભંડોવગરણસ્સ અપ્પડિલેહણાએ દુપ્પડિલેહણાએ અપ્પમજ્જણાએ** દુપ્પમજ્જણાએ

૪. અભિનિવેશિક મિથ્યાત્વ **સાંશયિક મિથ્યાત્વ અણાભોગ મિથ્યાત્વ, લૌકિક મિથ્યાત્વ લોકોત્તર મિથ્યાત્વ** કુપ્રાવચન

૫. ધૂપ વિહિં **પેજ્જ વિહિં ભક્ખણ વિહિં ઓદણ વિહિં સૂપ વિહિં** વિગયવિહિં

૬. દેવેહિં **પણવીસાએ ભાવણાહિં છવ્વીસાએ દસાકપ્પ વવહારાણં ઉદ્દેસણ કાલેહિં સત્તાવીસાએ અણગાર ગુણેહિં** અટ્ઠાવીસાએ

૭. પંચહિં કિરિયાહિં **કાઈયાએ અહિગરણયાએ પાઉસિયાએ પારિતાવણિયાએ** પાણાઈવાય

૮. પન્નત્તસ્સ **ધમ્મસ્સ આસાયણાએ સદેવ મણુય આસુરસ્સ લોગસ્સ આસાયણાએ સવ્વ પાણ ભૂય જીવ** સત્તાણં

૯. ચત્તારિ મંગલં **અરિહંતા મંગલં સિદ્ધા મંગલં સાહૂ મંગલં કેવલી પન્નત્તો** ધમ્મો મંગલં

૧૦. દેવસિયસ્સ **અઈયારસ્સ પડિક્કમામો સમણોડહં સંજય** વિરય

૧૧. ઠાએમિ **દેવસિય જ્ઞાન દર્શન ચરિત્તાચરિત્તે** તપ

૧૨. ફાસુય **એસણિજ્જેણં અસણં પાણં ખાઈમં** સાઈમં

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૧૨)**

| | જવાબ |
|---|---|
| ૧. જત્તા ભે | **આપની સંયમયાત્રા સુખરૂપ છે?** |
| ૨. વંદામિ | **સ્તુતિ અથવા વંદના કરું છું** |
| ૩. વહે | **ત્રસ જીવોને લાકડી પ્રમુખના પ્રહાર કર્યા હોય** |
| ૪. મરણા સંસપ્પઓગે | **મરણની ઈચ્છા કરે** |
| ૫. સમાણે | **મળ્યેથી** |
| ૬. નિસીહિ | **અશુભ પાપક્રિયાને રોકીને** |
| ૭. દંત વાણિજ્જે | **દાંત, હાડકા, શીંગડા વગેરેનો વેપાર કર્યો હોય** |
| ૮. ઘોસહીણં | **શુદ્ધ ઉચ્ચાર વિના ભણાયું હોય** |
| ૯. મોસોવએસે | **ખોટો ઉપદેશ, ખોટી સલાહ આપવી** |
| ૧૦. આસાયણાએ | **આશાતના વડે** |
| ૧૧. અણાયારો | **નહિ આચરવા યોગ્ય** |
| ૧૨. આણવણપ્પઓગે | **મર્યાદા બહારથી વસ્તુ મંગાવી હોય** |

**(ઈ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૧૨)**

| | જવાબ |
|---|---|
| ૧. શ્રુતજ્ઞાનને વિશે | **સુએ** |
| ૨. સામાયિક જેમ–તેમ કરેલ હોય | **સામાઈયસ્સ અણવટ્ઠિયસ્સ કરયણા** |
| ૩. યથાશક્તિ પ્રમાણે | **જાવણિજ્જાએ** |
| ૪. નીચી દિશાની મર્યાદાનું ઉલ્લંઘન કરેલ હોય | **અહો દિસિપ્પમાણાઈક્કમે** |
| ૫. મારા નિયમની | **નિયમં** |

૬. અચેત વસ્તુને સચેત વસ્તુથી ઢાંકી હોય — **સચિત્ત પેહણયા**
૭. જે કાંઈપણ — **જં કિંચિ**
૮. તુચ્છ આહારનો ઉપયોગ કર્યો હોય — **તુચ્છો સહિ ભક્ખણયા**
૯. માઠી ચિંતવણા કરી હોય — **દુવ્વિચિંતિઓ**
૧૦. ક્ષમાવંત સાધુજીઓની — **ખમાસમણાણં**
૧૧. પીડા ઉપજાવી હોય — **પરિયાવિયા**
૧૨. લીધેલા વ્રતોમાં દોષ લાગ્યા હોય એનું — **અતિચાર**

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૭)**

૧. ચાર કષાયોનો ત્યાગ શેના માટે કરવામાં આવે છે?
**જ. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની પ્રાપ્તિ માટે ચાર કષાયોનો ત્યાગ માટે કરવામાં આવે છે.**
૨. આવશ્યક સૂત્ર એટલે શું?
**જ. જે સૂત્ર ચતુર્વિધ સંઘને માટે સૌથી પહેલા જાણવું અને સવાર-સાંજ કરવું જરૂરી હોય છે.**
૩. તપ એટલે શું? અગ્નિમાં તપવાથી શું શુદ્ધ થાય છે?
**જ. જે ક્રિયાથી આત્મા સાથે જોડાયેલા કર્મનો નાશ થાય છે, તે તપ. અગ્નિમાં તપવાથી સોનું શુદ્ધ થાય છે.**
૪. સવ્વ ધમ્માઈક્કમણે એટલે શું?
**જ. બધા જ ધર્મ અનુષ્ઠાનોનું/નિયમોનું ઉલ્લંઘન કે વિરાધનારૂપ આશાતના.**
૫. ધર્મગુરુઓના બીજા નામ શું છે?
**જ. મુનિ, શ્રમણ, અણગાર,નિર્ગ્રંથ.**
૬. પર્વના દિવસોમાં કયું પ્રતિક્રમણ કરીએ છીએ?
**જ. પાખી, ચોમાસી કે સંવત્સરી.**
૭. શ્રાવકના વ્રતોને ચરિત્તાચરિત્તે શા માટે કહે છે?
**જ. શ્રાવક મિથ્યાત્વનો સંપૂર્ણપણે અને બાકીના પાપોનો આંશિક રીતે ત્યાગ કરે છે.**

**(૨૫)**

**પ્ર.૨ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૬)**

૧. ત્રસ કોને કહે છે? ત્રસનું નામ લખો. ત્રસ જીવમાં કોનો સમાવેશ થાય છે?
**જ. જે પોતાની મેળે હાલી-ચાલી શકે. જે જીવ તડકેથી છાંયડે અને છાંયડેથી તડકે જાય. જંગમકાય. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય.**
૨. કંદમૂળ ન ખાવાથી શું વધે છે? શેમાં જન્મવું નથી પડતું?
**જ. શાંતિ, શીતળતા, સભ્યતા, સહિષ્ણુતા. વારંવાર કંદમૂળમાં જન્મવું પડતું નથી.**
૩. ભુજપરિસર્પ કોને કહેવાય? તેમાં કોનો સમાવેશ થાય છે? તેઉકાયનો વર્ણ અને સંસ્થાન લખો.
**જ. જે ભુજાએ કરી ચાલે, તેને ભુજપરિસર્પ કહે છે. ઉંદર, ખિસકોલી, ગરોળી વગેરેનો સમાવેશ થાય છે. તેઉકાયનો વર્ણ – લાલ અને સંસ્થાન સોયના ભારા જેવું.**
૪. નરકના નામ લખી તેના કુળ અને સ્થિતિ લખો.
**જ. ઘમા, વંશા, શિલા, અંજના, રિષ્ટા, મઘા, માઘવતી. તેના કુળ ૨૫ લાખ ક્રોડ, તેની સ્થિતિ જઘ. ૧૦૦૦૦ વર્ષ ઉત્. ૩૩ સાગરોપમ.**
૫. આપણે ધાર્મિક પર્વમાં શું કરવું જોઈએ? શા માટે?
**જ. આપણે ધાર્મિક પર્વમાં આરંભ-પરિગ્રહ, મોજ-શોખ ઘટાડીને તપ, ત્યાગ, જ્ઞાન, ધ્યાનની આરાધના કરવી જોઈએ કારણ કે પ્રાયઃ કરીને મનુષ્યો-તિર્યંચોના જીવોના પરભવના આયુષ્યનો બંધ પડે છે.**
૬. કર્મબંધનું મુખ્ય કારણ શું છે? આપણે જન્મ-મરણ શા માટે કરીએ છીએ? કર્મ કોને હોતા નથી?
**જ. રાગ-દ્વેષ. વિવિધ કર્મના બંધ અને ઉદયને કારણે જન્મ-મરણ કરીએ છીએ. અનંતા સિદ્ધ ભગવંતો.**

૭. સરળતા રાખવાથી શું થાય છે? લોભથી બચવા શું કરવું?

**જ. સરળતા રાખવાથી જૂઠ, ચોરી, છેતરપિંડી, કપટથી થતા માયાના પાપથી બચી શકાય છે. સંતોષ રાખીને ધીરજથી પ્રામાણિક રીતે મહેનત કરતા રહેવું.**

૮. અનંતા જીવો શેમાં છે?

**જ. પ્રત્યેક વનસ્પતિના કૂણાં અંકૂરામાં, ચક્ર પડે, જેનું શરીર ભાંગતા સમાન ભંગ થાય, જેમાં તાંતણા કે રેસા ન હોય તથા સાધારણ વનસ્પતિમાં હોય છે.**

**(આ) જોડકા જોડો.** **(૩)**

| (અ) | (બ) | જવાબ |
|---|---|---|
| ૧. સાધારણ વનસ્પતિ | ૧. પૂર્વક્રોડ | **૪. ગરમર** |
| ૨. સ્થળચર | ૨. છવ્વીસ | **૧. પૂર્વક્રોડ** |
| ૩. ચૌરેન્દ્રિય | ૩. સ્ફટિક | **૬. પતંગ** |
| ૪. વાણવ્યંતર | ૪. ગરમર | **૨. છવ્વીસ** |
| ૫. પૃથ્વીકાય | ૫. અસંખ્યાતા | **૩. સ્ફટિક** |
| ૬. વાયુકાય | ૬. પતંગ | **૫. અસંખ્યાતા** |

**(ઇ) ખાલી જગ્યા પૂરો.** **(૬)**

| | જવાબ |
|---|---|
| ૧. શાશ્વતા સુખનું સ્થાન ...... છે. | **મોક્ષ** |
| ૨. ચાતુર્માસનો આરંભ ....... તિથિએ થાય છે. | **અષાઢ સુદ પૂનમ** |
| ૩. પાપનું મૂળ ....... છે. ....... થી પાપની શરૂઆત થાય છે. | **લોભ, લાલચ** |
| ૪. મનુષ્યના ....... અને ....... ભેદ છે. | **ગર્ભજ, સંમૂર્ચ્છિમ** |

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. રાજેમતી કેવા હતા? તેમનું વર્ણન કરો.

**જ. રાજેમતિની સુંદરતાનું વર્ણન કરતા તો સરસ્વતી પણ થાકી જાય. સ્ત્રીઓના સર્વ શુભ લક્ષણોથી સંપન્ન, સુંદર દષ્ટિવાળી, ઉત્તમ જીવન જીવવાવાળી, ધાર્મિક સંસ્કારોવાળી કન્યા હતી.**

૨. ગજસુકુમારે દીક્ષા લીધા પછી ભગવાન પાસે શેની આજ્ઞા માંગી?

**જ. ગજસુકુમારે દીક્ષા લીધા પછી ભગવાનને સવિનય વંદન–નમસ્કાર કરીને કહ્યું, ભગવાન! આપની આજ્ઞા હોય તો મારી એવી ઈચ્છા છે કે મહાકાલ સ્મશાનમાં જઈને હું એક રાત્રિની ભિક્ષુ પ્રતિમા સ્વીકાર કરું એટલે કે સંપૂર્ણ ધ્યાન કરીને ઊભો રહું.**

૩. આનંદ શ્રાવકને કેટલું અવધિજ્ઞાન થયું હતું? હાલમાં ક્યાં છે? તેમનું ભવિષ્ય લખો.

**જ. આનંદ શ્રાવકને પૂર્ણ જંબૂદ્રીપમાં, લવણ સમુદ્રમાં ૫૦૦ યોજન અને નીચે પહેલી નરકના લોલુપ્યાચુત નરકાવાસ સુધીનું જ્ઞાન થયું હતું. હાલમાં તેઓ પહેલા દેવલોકમાં છે. ત્યાંથી આયુષ્ય પૂરું કરી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થઈ, દીક્ષા લઈ મોક્ષ પ્રાપ્ત કરશે.**

**(આ) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

૧. હું પણ તેમના પગલે ચાલીને દીક્ષા લઉં.

**જ. રાજેમતી મનમાં વિચારે છે.**

૨. હું મારા માતા–પિતાની આજ્ઞા મેળવીને પાછો આવીને આપની પાસે દીક્ષા લઈશ.

**જ. ગજસુકુમાર ભગવાન નેમિનાથને કહે છે.**

૩. તમે તેમની પાસે માફી માંગી લો.

**જ. ભગવાન મહાવીર સ્વામી ગૌતમ સ્વામીને કહે છે.**

૪. આના કરતા તો તમારા માટે મૃત્યુ શ્રેષ્ઠ છે.

**જ. સાધ્વી રાજેમતી રહનેમિને કહે છે.**

**(૧૦)**

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | **જવાબ** |
|---|---|
| ૧. મેં દાન ....... નિષ્ફળ ગયું. | **પાના નં. ૮૮ કડી ૪** |
| ૨. અમૃત ......... હાર્યો હવે. | **પાના નં. ૮૯ કડી ૭** |
| ૩. માર્ગ ભૂલેલા ......... ગાવે. | **પાના નં. ૯૦ કડી ૪/૫** |
| ૪. દયા તે ......... ફળ જાણ. | **પાના નં. ૯૦ કડી ૧/૨** |

**જય – જિનેન્દ્ર**